દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
મંગળવાર ૪ ઓગસ્ટ, ૨૦૨૬

# બંગાળની ખાડીમાં પાકિસ્તાની સબમરિનોની હિલચાલ: ભારતે ખાસ સતર્ક રહેવું પડશે

ભારતના પૂર્વી કિનારા છેલ્લા કેટલાક વર્ષોમાં ભૂરાજકીય દૃષ્ટિએ એક મહત્વપૂર્ણ હોટસ્પોટ તરીકે ઊભર્યા છે. ચીન-બાંગ્લાદેશ વચ્ચે ફાઈટર જેટ્સ અને ડ્રોન માટેના રક્ષણ કરાર અને બંદરો અને હવાઈમથકોના અપગ્રેડ્સ, તેમજ પાકિસ્તાનની બાંગ્લાદેશમાં રક્ષણ અને ગુપ્તચર હાજરી આ બધું આ તરફ સંકેત આપે છે. ખરેખર, સંઘર્ષની સ્થિતિ વિશે વાત કરતાં, પાકિસ્તાનના લશ્કરી વડા જનરલ આસિમ મુનીરે ઓગસ્ટ ૨૦૨૫માં જણાવ્યું હતું: “અમે પૂર્વથી શરૂ કરીશું....” હવે, પાકિસ્તાન ભારતના સુરક્ષિત પૂર્વી દરિયાકિનારે સ્પષ્ટ દરિયાઈ પગલાં લેવા સંકેત આપી રહ્યો છે. એપ્રિલમાં, ચીન દ્વારા પાકિસ્તાન નૌસેનાના માટે બનાવવામાં આવી રહેલી આઠ હાંગોર-ક્લાસ ડીઝલ-ઇલેક્ટ્રિક સબમરીનમાંથી પ્રથમ સબમરીન કમિશન કરવામાં આવી. ગયા મહિને, તે ચીનથી કોલંબો મારફતે ડિલિવરી યાત્રા પૂર્ણ કરીને કરાચીમાં પહોંચી. કોલંબોમાં નૌસેનાના કાર્યક્રમ દરમિયાન, કોમોડોર ઓમર ફારૂક, પીએનએસ હાંગોર માટેના મિશન એસ્કોર્ટ કમાન્ડર, એ જણાવ્યું કે નવી સબમરીન પાકિસ્તાનને “બંગાળની ખાડીમાં હાજરી જાળવવાની ક્ષમતા આપશે.” નવી દિલ્હીએ આ ટિપ્પણી પર ધ્યાન આપ્યું જ હશે.-જો આ સાકાર થાય તો તે ૧૯૭૧ના યુદ્ધ પછી પાકિસ્તાનની આ પાણીમાં પ્રથમ નૌસેનાની હાજરી હશે, જ્યારે તે તેના પૂર્વી દરિયાઈ કબજાને ગુમાવી બેઠું હતું.

બંગાળની ખાડીના પાણી, જે લગભગ ૨.૬ મિલિયન ચોરસ કિલોમીટર વિસ્તાર ધરાવે છે, ભારતની દરિયાઈ સુરક્ષાના કેન્દ્રમાં છે. આ વિસ્તારમાં ભારતનું પૂર્વ નૌસેનાનું કમાન્ડ વિસાખાપટ્ટણમમાં અને ભારતનું અત્યંત ગુપ્ત ન્યુક્લિયર સબમરીન આધાર INS વર્ષા છે. પાકિસ્તાની સબમરીન હાજરી આ અસ્ક્યામતો માટે જાસૂસીની મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. દક્ષિણપૂર્વ એશિયાને જોડતી મુખ્ય દરિયાઈ સંચાર લાઈનો આ પાણીમાંથી પસાર થાય છે, જે પાકિસ્તાની નૌસેનાની હાજરીને એક ગંભીર ખતરો બનાવે છે. નૌસેનાના નિરીક્ષકો નોંધે છે કે હાંગોર-ક્લાસ સબમરીન–ચીનની યુઆન-ક્લાસ સબમરીનનું નિકાસ સંસ્કરણ–પાકિસ્તાનને ઉત્તર ભારતીય મહાસાગર અને બંગાળની ખાડીમાં ગુપ્ત કામગીરી કરવાની ક્ષમતા આપી શકે છે. મહત્વપૂર્ણ છે કે, આ સબમરીન એર-ઇન્ડિપેન્ડન્ટ પ્રોપલ્શન (AIP) સિસ્ટમથી સજ્જ છે, જે પરમાણુ સંચાલિત સબમરીન સિવાયની સબમરીનને ત્રણ અઠવાડિયા સુધી પાણીની નીચે રહેવા દે છે. વિશેષજ્ઞો ભાર આપે છે કે, સબમરીનને પૂર્વ તરફ પ્રોજેક્ટ કરીને, પાકિસ્તાન ભારતને એકસાથે પશ્ચિમ અને પૂર્વી દરિયાકિનારાઓનું રક્ષણ કરવા માટે મજબૂર કરશે. ચીન ભારતીય મહાસાગરના પાણીમાં વધતી તીવ્રતા સાથે પેટ્રોલિંગ કરી રહ્યું છે, પાકિસ્તાનની ચીની મૂળની સબમરીન ફ્લોટ પિપલ્સ લિબરેશન આર્મી નૌસેના (PLAN) સાથે સહકાર વધારી શકે છે. તેથી, ભારત માટે સૌથી મોટી ચિંતા બંગાળની ખાડીમાં પાકિસ્તાન-ચીનની દરિયાઈ હાજરીનું એકત્રિત થવું છે. સંઘર્ષની સ્થિતિમાં, આ પાણીમાં બોટો વેપારી જહાજો અને નૌસેનાની લોજિસ્ટિક્સ માટે ખતરો ઊભો કરી શકે છે, જેમાં અન્દમાન અને નિકોબાર ટાપુઓ સુધીના માર્ગો પણ શામેલ છે. નિરીક્ષકો જણાવે છે કે પાકિસ્તાની સબમરીન ૧૯૭૧ પછી ઉત્તર અરબી સમુદ્ર સુધી મર્યાદિત રહી છે, જ્યારે પીએનએસ ગાઝી કરાચીથી બેંગલની ખાડીમાં ગશ્તી માટે નીકળી હતી અને વિસાખાપટ્ટણમ પાસે કેટલાક દિવસો સુધી પેટ્રોલિંગ કર્યા પછી ડૂબી ગઈ હતી. પાકિસ્તાન હવે ફરીથી ભારતના પૂર્વ કાંઠા તરફ સબમરીનો મોકલીને આ વિસ્તારમાં પોતાની ગતિવિધિ ફરી વધારવા માગતું હોય તેમ જણાય છે.

આ ઘટનાક્રમ ભારત માટે ચિંતાજનક એટલા માટે છે કે તાજેતરમાં બાંગ્લાદેશ સાથે ચીનની કેટલીક સમજૂતિ થઇ છે અને તે ભારતના આ પૂર્વીય દેશ સાથે એક સહિયારો માર્ગ વિકસાવવા સહમત થયું છે. આ ઉપરાંત છેલ્લા કેટલાક સમયથી બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી સહકારની પણ હિલચાલ વધી છે. શેખ હસીના સરકારના પતન પછી બાંગ્લાદેશ હવે ભારતનું પહેલા જેવું મિત્ર રાષ્ટ્ર રહ્યું નથી. વચગાળાની યુનુસ સરકાર વખતે જે તીવ્ર ભારત શત્રુતા બાંગ્લાદેશમાં જોવા મળી હતી તેવી ભલે હવે તારીક રહેમાનની સરકાર વખતે નહીં હોય અને આ સરકાર ભારત સાથે સહકારની વાતો કરતી હોય છતાં પાકિસ્તાન અને ચીન તરફ ઢળવાનું બાંગ્લાદેશનું વર્તન વધ્યું છે. બાંગ્લાદેશની પ્રજાના એક મોટા વર્ગમાં ભારત તરફની શત્રુતા અને પાકિસ્તાન તરફની સહાનુભૂતિ વધી હોવાનું જણાય છે. આવા સંજોગોમાં બંગાળના અખાતમાં, પાકિસ્તાન પોતાની સબમરીનોની ગતિવિધિઓ વધારે તે બાબતે ભારતે ખાસ સાવધ રહેવું પડશે. ભારત સામે પશ્ચિમ અને ઉત્તર દિશામાં પડકારો છે જે અને હવે પૂર્વ દિશામાં બાંગ્લાદેશ, ચીન અને પાકિસ્તાનની ધરી રચાય અને નવો પડકાર ઉભો થાય તેવા સંજોગો સર્જાયા છે ત્યારે ભારતે ખાસ સતર્ક રહેવું પડશે.

## મિત્ર કેવા બનશું



**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

આજે કોલેજનો છેલ્લો દિવસ હતો. છેલ્લો કાર્યક્રમ હતો બધા દોસ્તો સાથે મળીને મસ્તી કરી રહ્યા હતા, થોડા દુ:ખી હતા કે છુટા પડીશું પણ ‘હંમેશા ટચ’માં રહેવાના વચન એક મેકને આપી રહ્યા હતા.

પ્રિન્સિપાલે સ્ટેજ પરથી પોતાની સ્પીચમાં બહુ સરસ વાત કરી આવનારી લાઈફના ચેલેન્જીસ વિષે સમજાવ્યું અને છેલ્લે કહ્યું, ‘હું તમને મારા તરફથી શુભકામના આપું છું કે તમને જીવનમાં એકદમ અરીસા જેવા અને પડછાયા જેવા દોસ્તો મળે.’

આ સાંભળી બધાએ તાળીઓ પાડી અને ઘણા લોકોએ બુમ પાડી મોટેથી કહ્યું, ‘સર અમને મિત્રો તો અહીં જ મળી ગયા છે’

પ્રિન્સીપાલ હસ્યા અને બોલ્યા, ‘આ દોસ્તી કોલેજકાળની મસ્તીની હતી પણ હું કહું છું તેવા દોસ્તો તમને મળે તો તે ભગવાનની કૃપા સમજો. મેં વાત કરી કે તમને બધાને અરીસા જેવા અને પડછાયા જેવા મિત્ર મળે તેમાં એક ઊંડી સમજ છે તે સમજજો... જીવનમાં મસ્તી કરવા, સાથે ટ્રાવેલ કરવા, ફિલ્મ અને નાટક જોવા તો ઘણા મિત્રો જેમ તમે કહ્યું તેમ અત્યારે છે અને આગળ પણ તમને મળશે પણ મેં કહ્યું તેવા એક કે બે મિત્ર મળશે તો પણ જીવન ધન્ય થઈ જશે.’

બધા સરની વાત મસ્તી છોડી સાંભળી રહ્યા.

પ્રિન્સીપાલઆગળ બોલ્યા, ‘જેમ અરીસો તમે જેવા છો તેવું જ તમારું પ્રતિબિંબ દેખાડે છે તેમાં તે કોઈ વાત છુપાવતો નથી અને કોઈ ફીચર્સ મોબાઈલ કેમેરાની જેમ એન્હાન્સપણ કરતો નથી. અરીસો જેમ સાચું પ્રતિબિંબ દર્શાવે છે તેવો એક મિત્ર હોવો જોઈએ જે તમે જેવા છો તેવા તમને સ્વીકારે અને તમે જે કરો છો તેમાં સાચું શું છે અને ખોટું શું શું છે અને જો તમારી ક્યાંક ભૂલ થતી હોય તે દેખાડે. હવે વાત કરીએ પડછાયા જેવા મિત્રની જેમાં પડછાયો હંમેશા આપણી આગળ અને પાછળ રહે છે તેમ જીવનમાં એવા દોસ્ત મળે જે સતત સાથે ને સાથે રહે અને ક્યારેય સાથ છોડી ન જાય જીવનમાં જે કઈ પણ ચઢાવ ઉતાર આવે, કસોટીની ક્ષણ આવે કે સુખ દુ:ખ ના સંજોગ જે તમારો સાથ ક્યારેય ન છોડે અને જો એક જ દોસ્ત અરીસા અને પડછાયા સમ મળી જાય તો તે માત્ર મિત્ર નહિ પણ વરદાન છે કે જે અરીસાની જેમ તમને હકીકત દેખાડે, તમારી ભૂલ તમને સમજાવે અને સાથે રહીને તે ભૂલમાંસુધારો પણ કરાવે ક્યારેય સાથ છોડીને ન જાય.’ પ્રિન્સીપાલની દોસ્તો વિશેની આ સમજણ સાંભળી બધા દોસ્તો એકમેકને પડછાયા અને અરીસા જેવા મિત્ર બનશું એવું વચન આપવા લાગ્યા.

# શિક્ષણના બજારમાં “મેરીટ”ની નહીં, સંચાલકોના નફાની ચિંતા થાય છે

નીટ પરીક્ષના પેપર ફૂટવાના સમાંચાર થી ગરમયેલું રાજકાંરણ હજુ ઠર્યું નથી.ને વી પરીક્ષા લેવી જ શા માંટે જોઈએ તેવો પ્રશ્ન કરો તો લોકો મેરીટની પીપુડી વગાડી લે છે . પણ તેઓ જાણતા નથી કે મેડીકલ માં નીટ દ્વારા જ પ્રવેશ આપવામાં આવશે તેવા ગુણવત્તાલક્ષી નિર્ણય બાદ એવું પણ નક્કી થયેલું છે કે નીટ માં ઝીરો માર્ક લ્સે તેને પણ એડમીશન આપવામાં આવશે. જ્યાં જુવો ત્યાં મેરીટ મેરીટ ની પૂછડી પકડી મોટી વિદ્વત ચર્ચા કરનારા ઢાકણી શોધી રહ્યા છે. અથવા શરમ વગરના બની ચુપ બેઠા છે . હજુ આપણે ગુજકેટ નું નાટક તો ચાલુ જ રાખ્યું છે અને મેડીકલ માં બેઠકો ખાલી રહે છે . ખરેખર આ ચિંતાજનક બાબત છે. કોઈ શિક્ષણની સ્વાયત્ત સંસ્થાને કેટલી સ્વતન્ત્રતા હોય?

પ્રવેશની લાયકાતના ધોરણો નક્કી કરવાની સત્તાઓ હોય તે ધોરણ જ રદ કરી દે તે કેવી રીતે ચાલે? આનો મતલબ એ થયો કે મેડીકલ માં પ્રવેશ માટે લેવાતી નીટ હવે માત્ર સરકારી ગ્રાન્ટેડ કોલેજો કે જ્યાં ફી ઓછી હોય અને મેડીકલની મુખ્ય શાખાઓમાં એડમીશન પુરતી જરૂરી રહી છે, જેવી ઉપરની સીટ ભરાઈ જાય પછી તમામ માટે દરવાજા ખુલ્લા. મતલબ ડેન્ટલ કે તેવી અનેક શાખાઓ માં હવે મેરીટની જરૂર નથી.

આ સમયે બી એડ કોલેજો નજર સમક્ષ આવે છે એક સમય હતો કે બી એડ માં એડમીશન માટે કોલેજ લેવલે સિત્તેર ટકાથી વધારે માર્ક આવે તો કદાચ મેળ પડતો પછી સેલ્ફ ફાઈનાન્સ કોલેજોનો રાફડો ફાટ્યો. મેરીટ લીસ્ટ દ્વારા પ્રવેશમાં કટ ઓફ ટકાવારીનું સત્ર ઘટવા લાગ્યું છેલ્લે ૫૦ % મીનીમમ સુધી બધું ચાલ્યું પછી તો ધડામ કરતુ બધું પડ્યું અને કોલેજો પોતાની જાતે એડમીશન આપવા લાગી હવે બી.એડ.ની જે સ્થિતિ છે તે આપણે સૌ જાણીએ છીએ. હવે આજ સ્થિતિ મેડીકલ ક્ષેત્રે થવા તરફ છે. પેસા ફેકો તમાશા દેખો નો ખેલ ત્યાં શરુ થયો છે. મેરીટને પડતું મુકો અને ફી ભરો પ્રવેશ મેળવો. એટલે દેશમાં અનામતની ચર્ચા સમયે ગઈ વગાડી ને ગુણવત્તાની વાત કરનારા હવે રૂપિયા દ્વારા ખરીદાતી ડીગ્રી માટે કાઈ બોલતા નથી આવનારા સમયમાં આપણે બીમાર થવા કરતા દવાખાનામાં જતા પહેલા ડરતા થઈ જઈશું અથવા થવું પડશે.

## શિક્ષણ-સંસ્કાર

**કાર્તિકેય ભટ્ટ**

**કોરોનાને કારણે શાળા કોલેજોની ખાસ તો સરકારી કે ગ્રાન્ટેડ સ્કૂલ કોલેજોની જે હાલત થઈ છે તેમાં ભોગવવાનું આ સામન્ય ઘરના બાળકોને થયું છે!**

કોઈ પણ દેશ કાળમાં જ્યારે ગમ્મતમાં કહેલી વાતો, ટુચકાઓ સાચા પાડવા માંડે તો સમજવું કે સ્થિતિ ગંભીર છે. ગુજરાતમાં અત્યારે શિક્ષણની હાલત ગંભીર છે. સંસ્કૃતમાં સુવાક્ય છે કે ધર્મ ધીરજ સ્ત્રી અને મિત્રની ખરી કસોટી વિપત્તિકાળમાં થાય છે. આપડી વ્યવસ્થાઓ અને ફરજો એ જ આપણો ધર્મ નક્કી કરે છે અને કોરોના જેવા વિપત્તિ કાળમાં આપણે કેવું વર્તન કરીએ છીએ તે છે જ આપણું ખરું ચરિત્ર! આપણે ત્યાં ફી ભરો અને ડીગ્રી મેળવો વાળી સિસ્ટમ બધાને ફાવી ગઈ છે. એમાં આવ્યો કોરોના, જેમાં નિષ્ઠાવાન લોકો અને સંસ્થાઓ પણ મજબૂર બની ગયા.

થોડું ઘણું પણ જે ચાલતું અસ્તું તે ખાડે ગયું અને આજે સ્થિતિ એ છે કે કોરોના કાબૂમાં આવ્યો પણ શિક્ષણ ક્ષેત્રે વ્યાપેલી અરાજકતા ઘટવાનું નામ લેતી નથી. શાળા કક્ષાના પ્રશ્નો જુદા છે અને કોલેજ કક્ષાએ પ્રશ્નો જુદા છે, પણ સૌથી મોટો પ્રશ્ન એ છે કે કોઈ નિસ્બતપૂર્વક વિચારતું જ નથી કે આ મુશ્કેલ સ્થિતિમાં શું કરવાથી શિક્ષણ સારી રીતે ચાલે!

આ આખી વ્યવસ્થાનો લાભ થોડા લોકોને અજાણતા મળશે. હવેના ત્રણ ચાર વર્ષ મેરીટની કટોકટી થશે નહીં. હમણાં આપણને એ વાચવા નહીં મળે કે રિક્ષાવાળાનો છોકરો ટોપ થયો, મજૂરનો દીકરો બોર્ડમાં પ્રથમ આવ્યો! ના હવે આવું કદાચ જ બનશે. કારણકે, વાવાઝોડું હોય, પુર હોય કે કોરોના આપત્તિઓ ગરીબ અને મજદૂર વર્ગને વધારે હેરાન કરે છે. સમાજમાં એક ઉચ્ચ સંપન્ન વર્ગ છે, કોરોના હોય કે ના હોય એમના બાળકો સતત અને સારી રીતે શિક્ષણ મેળવતા રહે છે. સામાન્ય સંજોગોમાં આ સગવડો સાથે ભણતા બાળકો ને સામાન્ય વર્ગના બાળકોનો સામનો કરવો પડે છે જેઓ જાતે કે ઓછા સાધનો વડે ભણે છે છતાં મેરીટ મેળવે છે. હવે કોરોનાનને કારણે શાળા કોલેજોની ખાસતો સરકારી કે ગ્રાન્ટેડ સ્કુલ કોલેજોની જે હાલત થઈ છે તેમાં ભોગવવાનું આ સામન્ય ઘરના બાળકોને થયું છે. ગુજરાતમાં સ્કુલ ક્ષાએ હવે ખાનગી સ્કુલોનું પ્રભુત્વ છે, સરકારી શાળામાં માત્ર ગરીબ વિદ્યાર્થીઓ જ હોય છે, હવે ફાઈવસ્ટાર સ્કૂલોને બાદ કરતા બંગલા ટેનામેન્ટમાં ફૂટી નીકળેલી ખાનગી શાળાઓ એ કોરોના કાળમાં શિક્ષકો કાતો છુટા કરી દીધા છે અથવા અડધા પગારે ઓનલાઈન શિક્ષણ શરુ કર્યુ છે. આમાં બાળકો કરતા વાલીઓને સંતોષ થાય છે. સો એક ભ્રમમાં જીવે છે કે શિક્ષણ ચાલે છે. ના સરકારે આ વિપત્તિ કાળમાં શિક્ષણ કઈ રીતે ચલાવવું તેની તજજ્ઞો સાથે મીટીંગ કરી છે, ના શિક્ષણ વિદો એ સરકારમાં મુદ્દાસર રજૂઆત કરી છે. કાગળ ઉપર જેમના નામ છે તે શિક્ષણ બોર્ડના સભ્યો કે યુનિવર્સિટી બોર્ડના સભ્યો એ માત્ર શિક્ષણને પાટે ચડાવવા ચર્ચા વિકાસ કર્યો હોય તેવું ક્યાય સાંભળવા - વાંચવા મળ્યું નથી. આમ નવી શિક્ષણ નીતિના અમલ માટે કેવી તેયારી છે (પરિપત્રો ભાર પાડવા સિવાયની) તે કોઈ જંતુ નથી!

સામાન્ય રીતે બાળકો ભણતા નથી તેવી ફરિયાદ થાય છે, પણ માત્ર કોરોના કાળ અને તે પછીની સ્થિતિનો અભ્યાસ કરો તો કહેવું પડે કે આજની સ્થિતિ માટે વિદ્યાર્થી સિવાય બધા જ જવાબદાર છે. ગ્રાન્ટ ઈન કોલેજોમાં ઉંચા પગારવાળા અધ્યાપકો છે પણ ભણનારા વિદ્યાર્થીઓ નથી. ગુજરાતની કેટલી યુનિવર્સિટીમાં હજુ આગળના સેમની પરીક્ષાઓ ચાલે છે. બીજું સેમ ક્યારે શરુ થશે તે કોઈ ને ખબર નથી. આની અસર આગળના વર્ષોમાં જશે. સ્કૂલ કક્ષાએ દસમાં બારમાંની પરીક્ષા સિવાયના વર્ગોમાં શિક્ષણ ચાલે છે તે માત્ર ભ્રમ છે.

થોડા સમય પહેલા શિક્ષણ સંસ્થાઓમાં હિજાબનો વિવાદ ચગ્યો ત્યારે, ગામડાની કોલેજમાં એક અધ્યાપકને એક પત્રકાર મિત્રે પૂછ્યું કે તમારે હિજાબનો પ્રશ્ન છે ત્યારે અધ્યાપકે કહ્યું કે હાજરી જ નથી ત્યાં હિજાબનો પ્રશ્ન ક્યાંથી હોય? આપણે રાહ જોઈએ કે વાલીઓ બાળકને નિયમિત ભણાવવા માટે ચિંતા કરતા થાય. શિક્ષકો અધ્યાપકો અમારે ભણાવવું છે એ માંગ કરે અને સરકાર શિક્ષણની ગાડી પાટે ચડાવવા મીટીંગ કરે. મીડિયા, પત્રકારો સરકાર, વાલી અને યુનિવર્સિટીને પ્રશ્ન કરે બાકી .... વર્લ્ડ કપની મેચો અને સંપ્રદાયના વિવાદોમાં રત સમૂહ માધ્યમો શિક્ષણના પાયાના પ્રશ્નો વિચારવા જ નહીં દે

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ટાઢી ટાઢી રોટલી અથાણું ને શાક....!

## મંગલ મસ્તી

**રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’**

**વરસાદનાં એવાં ‘રેલ-પગલા’ પડ્યા કે, વાપી થી તાપી સુધીના રસ્તાઓ નકશામાં દેખાય, બાકી ન કશામાં દેખાય..!**

આ વખતે વરસાદે ભુક્કા કાઢી નાંખ્યા યાર..! માત્ર ગરીબો જ નહિ, ભલભલાની ઢાંકણી ખસેડી નાંખી. વાદળનુ પણ જાણે પેપર ફૂટી ગયું હોય એમ એવી ખોફનાક બેટિંગ કરી કે, ધાબાના ગાબડા કાઢી નાંખ્યા. એની જાતને, વરસાદ પણ પ્રોટેસ્ટ (Protest) આંદોલન કરી ગયું. એવી કોઈ જગ્યા ના હોય કે, જ્યાં એનું ‘એપી સેન્ટર’ ના હોય..! પણ અમાસ વેઠ્યા વગર પૂનમ આવતી નથી. ને દુખ વેઠ્યા વગર સુખ મળતું નથી. આપણે સુરજ નથી કે, જેણે ક્યારેય અંધારું જોયું નથી..! વરસાદને તો વરસવાની ટેવ છે, એને બંધ કરવાની ચાવી કુદરતના હાથમાં છે. જ્યાં હાસ્ય વરસતું હોય, ત્યાં મુશીબત પાંગળી બની જાય..! કોઈ કવિએ કહ્યું છે ને કે,

મુશીબત તો દરેકના જીવનમાં હોય છે, એના પણ રસ્તા હોય છે
એ રસ્તા એને જ મળે છે કે, જેના ચહેરાઓ હંમેશ હસતા હોય છે`

વલસાડનું નામ વરસાદ ઉપરથી પડ્યું નથી, પણ વરસાદ અને વલસાડ બંને મેળામાંથી છુટા પડેલા બે ભાઈઓનું મિલન થયું હોય એમ, આ વખતે વલસાડને પણ ધમરોળી નાંખ્યું. બંને ભેટી-લેટીને મળ્યા. જે મહાત્મા ગાંધીરોડ માણસથી ઉભરાતો હતો, ત્યાં વરસાદના પાણી ઉભરાયા. છીપવાડ મીની દરિયો બની ગયો, અને તિથલરોડ વારે વારે ડૂબી ગયો. વરસાદનાં એવાં ‘રેલ-પગલા’ પડ્યા કે, વાપી થી તાપી સુધીના રસ્તાઓ નકશામાં દેખાય, બાકી ન કશામાં દેખાય..! મોટા ભાગની નદીઓને ઘેર ‘ખોળો’ ભરવાનો પ્રસંગ આવ્યો હોય એમ, એવી હરખઘેલી બનીને દૌડી કે, જાહેર માર્ગોનો ખુરદો બોલાવીને દરિયાને તેડા કરવા ગઈ. રેલના પાણીઓ અનેક ઘરોના મહેમાન બની ગયેલા. જે લોકો ઘરને હોટલ માનીને જીવતા હતા, એ પણ રઘવાયા બની ગયેલા, કે જાઉં કહાં બતાયે દિલ..! જેમ જેમ રેલના પાણી ઊંચા ચઢે, એમ સૌના નકશા બદલાય..! શરીરમાં ઉનાળો હોય, પણ આંખે ચોમાસું..! એમાં જે કવિ રેલનાં પાણીમાં ઘેરાયો હોય, એ તો અવઢવમાં પડી જાય કે, કોને બચાવું..? કવિતા બચાવું કે, રાચરસીલું બચાવું..! કવિ વધારે વિક બની જાય, ત્યાં સુધી બાળપણનું મેઘધનુષ ખેંચાય જ નહિ. સંસાર તો ઠીક, બાળપણ પણ અસાર લાગે..!

ગાજ-વીજના ધડાકા ચમકારા તો સહન કરવા જ પડે. આવા દેકારા પડકારા તો સંસારમાં પણ આવે. ટેવાય જવાનું..! માણસ જ સ્વચ્છંદ બને એવું નથી, ક્યારેક વરસાદ પણ બને..! કાળા માથાનો માનવી ધારે તે કરી શકે, પણ ગાજ-વીજ ને વરસાદને રોકી શકાતો નથી. એમાં નાકાબંધીની ફોર્મ્યુલા ફેઈલ જાય. સૌ કોઈ માતાજીની મેલી વાછટમાં આવ્યા હોય એવું લાગ્યું. જો ભા’ઈઈઈઈ...જ્યાં સુધી ધાબાઓ મજબુત નહિ થાય. ત્યાં સુધી બરફના ગોળા પડવાના નથી, એટલે તોફાન તો સહેવા જ પડવાના..! માણસ જેવા માણસ ગાંડા થાય તો, વરસાદને પણ ક્યારેક તો થાય ને કે, લાવને હું પણ Power બતાવું. બેફામ પડેલી ગરમી કરતા હું પણ ક્યાં ઓછો છું..? વરસાદે એવો દાવ બતાવ્યો. એમાં આપણી પથારી ગઈ..!

વરસાદ છે ભ’ઈઈઈ..! ક્યારેક છત્રી ભીની થાય એટલો પણ નહિ વરસે, અને માંડ વરસે ત્યારે ઘોડિયે સુતેલું છોકરાનું બાળોતિયું પણ વધારે ભીનું લાગે..! બાથરૂમ ભીના થાય, એટલાં, આંગણા પણ નહિ ભીંજાય..! પણ. આ વખતે એવો વરસ્યો કે, રેલ્વેની ટ્રેક પણ નદી બની ગઈ..! કાણાવાળી છત્રી નીચે ઉભા હોય એમ છાપરા ગળવા માંડ્યા.

વરસાદના પાણીએ ઘરમાં ઘૂસીને ધાબા-દર્શન પણ કરી લીધા. . ‘રજા સિવાય દાખલ થવું નહિ’ તેવા પાટિયા લગાવેલા હોવા છતાં, વેવાઈની માફક રેલના પાણી ઘરમાં આવ્યા. ને માણસને બદલે ઘરના બારણા ફૂલી ગયા. હવે ખબર પડી કે, જગતની કોઈ ફોઈએ ફરજંદનું નામ ‘વરસાદ’ કે ‘વાદળ’ પણ કેમ નથી પાડ્યું..?

**લાસ્ટ ધ બોલ**

એક ભાઈ ભગવાનનાં પ્રખર ભક્ત. એના ઘરમાં રેલના પાણી ગળા સુધી આવી ગયા, ત્યારે બંબાવાળા બચાવવા આવ્યા. અને કહ્યું કે, કાકા, મારો હાથ પકડો, અને બહાર આવો, નહિ તો ડૂબી જશો. કાકો કહે, ‘મને કંઈ નહિ થાય, ભગવાન ઉપર મને ભરોસો છે, એ મને મરવા નહિ દે. તમે જાવ..!’ ધીરે ધીરે છાપરું ડૂબી ગયું, તો કાકો છાપરે ચઢી ગયો. બચાવવા માટે હેલીકોપ્ટર આવ્યું. પેલા કહે, ‘કાકા, મારો હાથ પકડો ને ઉપર આવી જાવ, નહિ તો ડૂબી જશો. કાકાએ ફરી એ જ રેકર્ડ વગાડી, ‘મને કંઈ નહિ થાય, ભગવાન ઉપર મને ભરોસો છે, એ મને મરવા નહિ દે. તમે જાવ..!’

એના કપાળમાં કાંદા ફોડું, કાકો રેલના પાણીમાં ડૂબી ગયો, પણ કોઈની મદદ સ્વીકારી નહિ. ને જે થવાનું હતું તે જ થયું. કાકો મરી ગયો, અને સ્વર્ગમાં ગયો. ભગવાન સાથે ભેજામારી કરી. ‘પ્રભુ હું તમારો પરમ ભક્ત અને તમારે આવું કરવાનું..? તમારા ભરોસે રહ્યો તેમાં મને મોત આપ્યું..?

ભગવાન કહે, પેલો બંબાવાળો હતો એ પણ હું જ હતો. અને હેલીકોપ્ટરવાળો હતો એ પણ હું જ હતો. પણ તને પીતાંબરવાળા ભગવાન જોવાનો જ શોખ હોય, તો એમાં મારો શું દોષ..?

તારા કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## દુનિયા બનાને વાલે ક્યાં તેરે મનમેં સમાઈ

આપણે હિંદી ફિલ્મો અને ગીતોના દિવાના છે. અરે કેટલીક ફિલ્મોના નામ કલાકારો યાદ નથી પણ એના અમર ગીતો આજે પણ આપણા કાનોમાં ગુંજે છે. ગીતો એ જિંદગીની ડાયરીના પાના જેવા છે. જે ગીત જે પાનું આપણે ઉતાવળે ફેરવી નાખ્યું હોય, એ જ પાનું મોટી ઉંમરે પહોંચીને વાંચીએ ત્યારે એના અક્ષરોમાં છુપાયેલો સાચો મર્મ સમજાય છે. આને વાલા પલ જાનેવાલા હૈ, પહેલા આ ગીત એક સાદું ગીત લાગતું હતું પણ આજે સમજાય છે કે હાથમાંથી સરકતો સમય પાછો આવવાનો નથી જે પળ છે તેને જીવી લેવી એ જ સાચી જિંદગી છે. રૂક જાના નહીં તુ કહી હાર કે, બચપણમાં આ ગીત પરીક્ષા માટે પ્રેરણાદાયી લાગતુ હતું. પણ આજે જ્યારે જિંદગીના અસલી સંઘર્ષો સામે આવે છે ત્યારે આ ગીત હારવા દેતુ નથી. તુઝસે નારાજ નહીં જિંદગી, હેરાન હું મેં, આ ગીત જિંદગી સાથેની આપણી અજીબ કશ્મકશને વ્યક્ત કરે છે. આ ગીત એ લોકો માટે છે જેણે જિંદગીમાં ઘણું ખોયું છે. છતાં પણ હસતા મુખે આગળ વધી રહ્યા છે. હર ફિકર કો ધુએ ની ઉડાતા ચલા ગય એ હવે માત્ર લાઈન નથી. પણ એક જીવનશૈલી બની જાય છે. દુનિયા બનાને વાલે ક્યાં તેરે મનમેં સમાઈ, યુવાનીમાં આ ગીત આપણે ભગવાનને માત્ર પ્રશ્ન પુછવા સાંભળતા હતા, પણ આજે જ્યારે જિંદગીના કોઈ વળાંકે એકલા પડીએ ત્યારે આ ગીત ભગવાન સાથેની આપણી સીધી વાતચીત બની જાય છે.

**સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા**

## ચાર રસ્તા પર ટ્રાફિક નિયંત્રણ જરૂરી

હાલ સુરત શહેરના મોટાભાગના ચાર રસ્તાઓ પર પીક અવર્સ દરમિયાન વાહનોનો ભારે જમાવડો જોવા મળે છે. જ્યાં ટ્રાફિક પોલીસ અથવા કાર્યરત સિગ્નલની વ્યવસ્થા નથી, ત્યાં વાહનચાલકોને લાંબા સમય સુધી રાહ જોવી પડે છે અને ટ્રાફિક વ્યવસ્થિત રીતે આગળ વધી શકતો નથી.

આવી જ સ્થિતિ ટી.જી. બી. પહેલાં આવેલા રિવલ ડેલ સર્કલ ખાતે જોવા મળે છે. અહીં ટ્રાફિક પોલીસની ગેરહાજરીને કારણે વાહનોની લાંબી કતારો લાગી જાય છે. પરિણામે વાહનચાલકોનો કિંમતી સમય બગડે છે, ટ્રાફિક શિસ્ત ભંગ થાય છે અને અકસ્માતની સંભાવના પણ વધી જાય છે. તેથી સંબંધિત તંત્રને વિનંતી છે કે રિવલ ડેલ સર્કલ પર પીક અવર્સ દરમિયાન ટ્રાફિક પોલીસની ફરજ મુકવામાં આવે અથવા યોગ્ય ટ્રાફિક સિગ્નલ તથા ટ્રાફિક નિયંત્રણની અસરકારક વ્યવસ્થા ઉભી કરવામાં આવે, જેથી વાહનવ્યવહાર સુચારુ બની રહે અને નાગરિકોને અનાવશ્યક હાલાકીનો સામનો ન કરવો પડે.

**સુરત - સીમા પરીખ**

## દુનિયાનું જોખમ

આધુનિક યુગમાં બુદ્ધિમત્તા અને ટેક્નોલોજીનું વધતું પ્રભુત્વ માનવજાત માટે નવી તકો સાથે ગંભીર પડકારો પણ ઊભા કરી રહ્યું છે. ભારતને હોમી ભાભા, વિક્રમ સારાભાઈ અને એ.પી.જે. અબ્દુલ કલામ જેવા દૂરંદેશી વૈજ્ઞાનિકોની આજે પણ જરૂર છે. બીજી તરફ, ભૂકંપ, અતિવૃષ્ટિ, દુષ્કાળ અને પૂર જેવી કુદરતી આફતો સતત વધી રહી છે. પૃથ્વીની ટેક્ટોનિક પ્લેટો સતત સરકતી હોવાથી ભૂગોળમાં ફેરફારો થાય છે. ભારતીય ઉપખંડ દર વર્ષે લગભગ એકથી બે સેન્ટિમીટર ઉત્તર તરફ આગળ વધી રહ્યો છે, જેના કારણે તે યુરેશિયન પ્લેટ સાથે અથડાઈ હિમાલયની રચના થઈ હતી અને આ પ્રક્રિયા હજુ પણ ચાલુ છે. વૈજ્ઞાનિકો ગોંદવાના મહાખંડ, પાણીની અંદર આવેલા ઝિલેન્ડિયા ખંડ અને પૃથ્વીના પેટાળમાં રહેલી ગરમ રચનાઓ અંગે સતત નવા સંશોધનો કરી રહ્યા છે. આ તમામ પરિવર્તનો દર્શાવે છે કે પૃથ્વી સતત બદલાઈ રહી છે અને ભવિષ્યમાં કુદરતી તેમજ માનવસર્જિત જોખમો, ખાસ કરીને પરમાણુ યુદ્ધ જેવી સંભાવનાઓ સામે માનવજાતે વૈજ્ઞાનિક દૃષ્ટિ, દૂરંદેશી આયોજન અને કુદરત પ્રત્યે જવાબદાર અભિગમ અપનાવવો અનિવાર્ય બન્યો છે.

**સુરત – યુસુફ એમ. ગુજરાતી**

## એક આંદોલન સફળ થાય એટલે બીજા માટે તૈયાર રહેવાનું ?

Neet ની પરીક્ષાના પેપર leak થયા તે વિરુદ્ધ તાજેતરમાં વિધાર્થીઓ દ્વારા કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રીના રાજીનામા મુદ્દે કરવામાં આવેલ આંદોલન સફળ થયું એટલે સોશ્યલ મીડિયામાં અન્ય આંદોલન વિશે ચર્ચા શરૂ થઈ છે. પેપર લીક થવાના કારણે શરૂ થયેલ આંદોલન સમગ્ર શિક્ષણ જગતને સ્પર્શતા હતું. કોઈપણ બાબતમાં આંદોલન જરૂરી છે પરંતુ તેના કારણે સમાજમાં વર્ગ વિગ્રહ પેદા થવાનો હોઈ દેશની એકતા અને અખંડિતતા જોખમાતી હોય તો તેવા આંદોલનો ટાળવા જોઈએ. તેનો શાંતિ પૂર્ણ વાટાઘાટ થકી ઉકેલની દિશામાં વિચારવું જોઈએ. આખરે લોકશાહીમાં કોઈપણ મુદ્દે વિરોધ કરવાનો અધિકાર છે. આંદોલનની ફલશ્રુતિ આખરે તો લોકો ઉપર જ આધાર રાખે છે પણ આંદોલનના કારણે સમાજમાં ભાગલા ન પડવા જોઈએ. સંગઠિત અને એક સુત્રતા હશે તો બહારના પરિબળ ગેરલાભ ઉઠાવી શકે નહીં.

**સુરત - ચન્દ્રકાન્ત રાણા**

## સુરત એરપોર્ટ નામનું જ?

સુરતમાં આંતરાષ્ટ્રીય સેવાઓ બેચાર જ શ્રીગણેશ, અને ડોમેસ્ટીક પણ દિનપ્રતિદિન ઓછી થતી જાય છે. આટલો મોટો અન્યાય સુરત સાથેકેમ. આજે દેશનું અને ગુજરાતનું પ્રથમ સમૃદ્ધ શહેર છે. હજીરા પટ્ટી ક્રિભકો, સ્ટીલ- L|T- ONGC- શેલ કંપની જેવી દમદાર કંપનીઓ લાખો લોકો બહારથી આવીને વસ્યા છે. સુરતમાં, ટેક્ષટાઈલ હબ, ડાયમંડ હબ આજે દેશ વિદેશની મુસાફરી કરવામાં, સુરત નં ૧ છે. પરંતુ સુરતને કાયમ એરપોર્ટના નામે ગોળ અને ખોળ જેવી હાલત છે. અમદાવાદ અને મુંબઈ પર હજુ પણ નિર્ભય રહેવું પડે છે, અને ત્યાં સુધી જવા માટે બીજા પૈસાનો ધુમાડો થાય છે. સુરત માટે - બેંગલોરની ફ્લાઈટ વધારો આજે સુરતની આજુબાજુના 5000 IT સ્ટુડન્ટ્ઝને નોકરીયાત વર્ગ બેંગલોરમાં છે. દિલ્લીની ફ્લાઈટ વધારો- વારાણસી - ચેનાઈ -અયોધ્યામાટે - તીરૂપતિ અને દરેક પર્યટન સ્થળ આજે સુરતના લોકોરવાસ્થળા જાય છે પણ એરપોર્ટના નામે ઘોર અન્યાય, આ નામને જ એરપોર્ટ ક્યા સુધી?

**સુરત - તુષાર શાહ.**

## પાશ્ચાત્ય સંસ્કૃતિનાં અસંસ્કાર!

ભારત ઋષિ મુનિઓની પવિત્ર ધર્મ ભૂમિ છે. અહીં વસિષ્ઠ, વિશ્વામિત્ર, વાલ્મીકિ જેવા ઋષિઓએ માનવતાને જીવવાનો માર્ગ બતાવ્યો. ભારતીય સંસ્કૃતિનો આધાર છે, સંયમ, સેવા, સહિષ્ણુતા અને સંસ્કાર! અહીં સ્ત્રીને ‘માતૃ દેવો ભવ’ કહેવાય, વસ્ત્રને ‘સંસ્કારનું આવરણ’ માનવામાં આવે છે! બીજી ઔર પાશ્ચાત્ય સંસ્કૃતિ મુખ્યત્વે ભૌતિકવાદી છે. તેની ઓળખ છે! મુક્તિના નામે મનમાની, ફેશનના નામે નગ્નતા અને મનોરંજનના નામે અશ્લીલતા! ત્યાં શરીરનું પ્રદર્શન એટલે પ્રગતિ માનવામાં આવે છે! કુટુંબના બદલે વ્યક્તિ, સંબંધના બદલે કરાર મહત્વના છે! આજે મીડિયા અને ઈન્ટરનેટ દ્વારા આ બે સંસ્કૃતિ ટકરાઈ રહી છે. જો આપણે આંધળા બનીને પશ્ચિમનું અનુકરણ કરીશું તો આપણા સંસ્કાર ખતમ થઈ જશે! એ વાસ્તે પણ આપણે પશ્ચિમનું વિજ્ઞાન લઈએ, કિન્તુ, સંસ્કાર ભારતીય જ રાખીએ! કેમ કે, વૃક્ષ જેટલું ઊંચું જાય, મૂળ એટલા જમીનમાં ઊંડા હોવા જોઈએ! અંતે, ઋષિની ભૂમિનો વારસો સાચવો એ જ સાચી પ્રગતિ છે!

**સુરત- સુનીલ રાજેન્દ્ર બર્મન**